ક્રમાંક: ..............................
શાળાનું નામ: ...............................
ગામ : .........................
તા..........................જિ..................
તારીખઃ ..............................

પ્રતિ

..........................

.............................

**વિષયઃ રાજ્યની સરકારી/બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળા માટે કરાર આધારિત જ્ઞાનસહાયક તરીકેની કામગીરી કરાર બાબત.**

**સંદર્ભઃ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.) તા.૧૦/૦૭/૨૦૨૩**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જ્ઞાન સહાયક (ઉચ્ચત્તર **માધ્યમિક**) તરીકે નીચે દર્શાવેલ શાળાકક્ષાએ માસિક રૂા.૨૬,૦૦૦/- (છવ્વીસ હજાર પુરા) ના ઉચ્ચક માનદ વેતન(માસિક)થી હાજર થયા તા................. થી તા................ (વેકેશન સિવાય) વધુમાં વધુ ૧૧ માસ સુધીના સમય માટે કામગીરીનો કરાર કરવામાં આવે છે. કરારનો સમય પૂરો થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉમેદવારનું નામ | | | | | |
| ટાટ નંબર | | ટાટ પાસ વર્ષ | ૨૦૨૩ | ટાટ માર્ક્સ | |
| ફળવાયેલ શાળાનો ડાયસકોડ | | | | | |
| ફળવાયેલ શાળા | .........................,ગામ-................,તાલુકો-..................,જિલ્લો-..................... | | | | |

જયારે પણ જ્ઞાન સહાયકની જગ્યા પર નિયમિત રીતે નવી નિમણૂંકથી/બદલીથી/રજા પરના શિક્ષક પરત હાજર થતાં કે ફાજલ નિમણૂંકથી કોઇ શિક્ષક આવે તો આપને છુટા કરવામાં આવશે. આ જગ્યા માટે આપનો ભવિષ્યમાં કાયમી નોકરી, અન્ય કોઇપણ સરકારી લાભો, સરકારી ભથ્થા માટે કે અન્ય કોઇપણ સેવાવિષયક લાભો અંગે હક્કદાવો રહેશે નહીં.

જ્ઞાન સહાયક (ઉચ્ચત્તર **માધ્યમિક**) માટે કરાર આધારિત કામગીરી માટેની બોલીઓ અને શરતો આપને સ્વીકાર્ય હોવા બદલનું સંમતિ પત્ર જગ્યા પર સહી કરી હાજર થતાં સમયે અત્રે પરત કરવાનું રહેશે.

આ પત્રની તારીખથી દિન-૭માં આપે કામગીરી ઉપર હાજર થવાનું રહેશે, અન્યથા આ કામગીરી કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.

**પ્રમુખ/મંત્રી/આચાર્ય**
**શાળા વ્યવસ્થાપન અને વિકાસ સમિતિ/શાળા સંચાલક મંડળ**
**ગામ............,તા................,જિ..............**

**નકલ જાણ તથા કાર્યવાહી સારૂઃ**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિ.....................

## <u>જ્ઞાન સહાયક (ઉચ્ચત્તર માધ્યમિક) ની જગ્યાની કામગીરી માટે કરવામાં આવેલ ૧૧ માસ માટે કરાર આધારિત નિમણૂકની બોલીઓ અને શરતો</u>

1) આ કરારની મુદત તા................ થી તા................ (વેકેશન સિવાય) વધુમાં વધુ ૧૧ માસ સુધીની છે. એટલે કરારની મુદત પુરી થતાં આપ કામગીરી ઉપરથી છુટા થયેલા ગણાશો.

2) ઉચ્ચત્તર માધ્યમિક શાળા કક્ષાએ નિયમિત શિક્ષકોની ભરતી થતાં અથવા પ્રસૂતિની રજા કે લાંબી રજા પર ગયેલ શિક્ષક પાછા ફરે અથવા સરકારી શાળામાં બદલીથી અને બિન સરકારી અનુદાનિત શાળામાં ફાજલ શિક્ષક હાજર થયેથી કે અગિયાર માસ માટે, બેમાંથી જે વહેલું હોય તેટલા સમય માટેનો કરાર રહેશે.

3) સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કામગીરી માટે રાખવામાં આવેલ જ્ઞાનસહાયકની જગ્યા પર નિયમિત રીતે નવી નિમણૂકથી કે બદલીથી કે ફાજલ નિમણૂકથી કોઇ શિક્ષક આવે તો આપને છૂટા કરવામાં આવશે.

4) સીધી ભરતીથી, બદલીથી કે ફાજલ ફાળવણીથી ઉમેદવાર ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા હોવાથી અને કરાર આધારિત સેવાઓ લેવાની હોઇ ખાલી જગ્યા પર ભવિષ્યમાં આપનો કોઇપણ સેવાકીય બાબતે હક્કદાવો રહેશે નહીં.

5) આ જગ્યાની આપની કામગીરી/વર્તણૂંક સંતોષકારક નહીં જણાય તો કોઇપણ જાતની નોટીસ વગર કરારનો અંત લાવવામાં આવશે.

6) આપના પક્ષે કરારનો અંત લાવવા માટે એક માસની નોટીસ આપવાની રહેશે.

7) આ કામગીરી માટે માસિક રૂ.૨૬,૦૦૦/- (છવ્વીસ હજાર પુરા) ઉચ્ચક માનદ વેતન(માસિક) ચૂકવવામાં આવશે.

8) કરારની મુદત દરમિયાન ઉકત ઉચ્ચક માનદ વેતન(માસિક) ઉપર કોઇપણ પ્રકારનો વધારો,ઇજાફો, ભથ્થાં કે અન્ય નાણાંકીય લાભ મળવાપાત્ર નથી.

9) આપે શાળામાં કામકાજનાં દિવસો દરમિયાન શાળા સમય તેમજ જરૂર જણાયે શાળાના શૈક્ષણિક સમય ઉપરાંત વધારાના સમય શાળામાં રોકાઈને ઉપચારાત્મક શિક્ષણ, મૂલ્યાંકન, તાલીમ, હોમ લર્નિંગ સહિતની તમામ પ્રકારની શૈક્ષણિક અને સહ શૈક્ષણિક વગેરે પ્રવૃતિઓ કરવાની રહેશે.

10) કરારનાં અંતે કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

    i. સમીક્ષા કરવા માટેની સમિતિમાં 'શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ" (SMDC)/શાળા સંચાલક મંડળના સદસ્યો રહેશે.

    ii. સમીક્ષાના અંતે આપની કામગીરી સંતોષકારક જણાશે તો 'શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ' (SMDC)/શાળા સંચાલક મંડળ' દ્વારા સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર આપવામાં આવશે. આપે નવેસરથી અરજી કરવાની રહેશે.

    iii. આપ સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર મેળવી શકશો નહીં તો આપ ત્યાર પછીના એક વર્ષ સુધી જ્ઞાન સહાયક માટે અરજી કરી શકશો નહીં.

11) સૂચિત જગ્યા માટે નિયત કરવામાં આવેલ કર્તવ્યો અને ફરજો બજાવવાની રહેશે. તેમજ શાળા દ્વારા વખતો વખત નિર્દેશ કરવામાં આવતી કામગીરી કરવાની રહેશે. શાળામાં ફરજપાલન માટે નિયત કરેલ સમય પ્રમાણે પૂર્ણકાલિન હાજરી આપવાની રહેશે.

12) પ્રતિમાસ એકના ધોરણે પરચૂરણ રજા મળવાપાત્ર થશે.

13) આ કરાર ચોકકસ સમયરેખાની યોજના માટે મંજૂર રહેલ વહીવટી ખર્ચની મર્યાદામાં રહીને કરવામાં આવેલ છે. આ યોજના કરારની અવધિ પૂર્ણ થતાં આપના દ્વારા કામગીરી ઉપર ચાલુ રહેવા/નવીન કરાર કરવા માટેનો કોઇ હકકદાવો કે અદાલતી કાર્યવાહી કરી શકાશે નહીં

14) કરારના સમયગાળા દરમિયાન આપનું અવસાન થાય તો તમે બજાવેલ સમયગાળાની બાકી રહેતી ઉચ્ચક માનદવેતનની લેણી રકમ આપના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઇ નાણાકીય લાભ એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

15) કર્મચારીએ સમયસર શાળામાં હાજર રહેવાનું રહેશે.

ઉપરોક્ત તમામ બાબતો મને બંધનકર્તા રહેશે જેમાં હું સંમતિ આપું છું.

**સહી અને પુરૂ નામઃ**

**તારીખઃ**

**પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રીની રૂબરૂમાં**

**પ્રમુખ/મંત્રી/આચાર્ય**
**શાળા વ્યવસ્થાપન અને વિકાસ સમિતિ/શાળા સંચાલક મંડળ**
**ગામ............,તા................,જિ..............**